# પ્રકરણ : ૮

# ઉપસંહાર

# પ્રકરણ–૮

## ઉપસંહાર

લોકશાસ્ત્ર લોકજીવનનું શાસ્ત્ર છે.લોકશાસ્ત્રમાં લોકસમાજ કેવી રીતે જીવ્યો લોકોના રીત રીવાજ તે સમાજની ચડતી પડતી આ સાહિત્યમાં પ્રતિબિંબ થાય છે.સમાજ જીવનના દરક પાસાને તપાસતા જણાય છે કે તેની સર્વાધિકતા તેમા રહેલી છે લોકોની પોતાના માટે જીવનના આનંદ પ્રમોદ માટે સર્જેલા સાહિત્ય અને તેમના જીવનમાં બનતા બનાવોને તેમા આલેખેલા હોય છે લોકસંસ્કૃતિ દ્રારા લોકસાહિત્યનું સર્જન થયેલુ હોય છે.અને નિમાર્ણ બોલાતા શબ્દોમાંથી સ્વંયભુ થયેલુ હોય છે તે પરંપરાગત સચવાઈને જીવંત રહયુ છે.માનવીય મેળવેલા જ્ઞાનને સરક્ષવા લીપીનો સહારો મળીયો તે પહેલા એની રચના થવા લાગી હતી.બોલાતી ભાષાના વિકાસ સાથે તેનો વિકાસ થતો ગયો. તેના મુખ્ય ગુણો સહજતા સરળતા અને પ્રાગલભ્ભતા રહયા છે.

સોરઠના આહીરોની લોક સંસ્કૃતિને તેની ઉપર પ્રકાશ પાડતુ તેમનુ લોકસાહિત્ય ભૂતકાળના ભવ્યવારસાને હૈયામાં સગ્રહીને વર્તમાન પરિબળોની અસર જીલતુ ભાવી પ્રજાના સંસ્કાર ધડતરમાં મહત્વનો ફાળો આપે છે. આહિરોના લોકસાહિત્યમાં સામાજીક આર્થીક ધાર્મિક પરિબળોના અસર જીલાય હોય તેવુ અધ્યયન ઈતિહાસ નૃવશ શાસ્ત્ર,માનવશાસ્ત્ર ભાષાશાસ્ત્ર તેમજ સંસ્કૃતિ અને સાહિત્ય માટે આધારસ્તંભ બની રહે છે.સોરઠના આહીરોના લોકસાહિત્યમાં જનતાજન અખીલ વિરાટ સ્વરૂપ પુર્ણપણે પ્રત્યક્ષ થાય છે.અન તેમાથી લોકસંસ્કૃતિ દિવ્ય અને અકૃત્રીમ પ્રતિબીંબ પ્રગટે તેમના લોકસાહિત્યમાં જે સમાજનું ચિત્રણ કરે છે.તે સ્વયં સદાચારો અને ધર્મભીરૃ છે. તેમાં જે નીતીની પ્રતિષ્ઠા કરવામાં આવેલ છે.કલ્યાણ માર્ગે તરફ લઈ જનાર છે જે ધર્મનું વર્ણન કરેલ છે.તે સંસારની સતી અને પ્રેમનો ઉપદેશ આપનાર છે ધર્મ અને સમાજ અને નિતિનું તેમાથી પ્રગટે મનોરમ ચિત્રણ આ લોકસાહિત્યની મહત્તા પ્રગટ કરે છે.

લોક સાહિત્ય રાષ્ટ્રની સંસ્કૃતિની રખેવાડી કરનાર છે.માનવ સમાજની દિવ્યતા માનવ સમાજના સંસ્કારો અને તેમા પ્રગતી તેમજ પતનનું સ્વરૂપ જેમા દર્શાવવામાં આવ્યું હોય છે માનવ સમાજની પારાશિશીએ સાહિત્ય છે.માનવ સમાજને સંપૂર્ણ અને સ્વસ્થ બનાવવા માટે લોકસાહિત્ય પુર્ણ ને તેજ કાળ બની રહે છે.

આહીરોના લોકસાહિત્યમા તેમની પરંપરાઓ જળવાઈ છે.આ સંસ્કૃતિ જ એવા પ્રકારની છે.જે પેષક પરંપરાની ઉજજવળ બનાવતી  રહેલી છે.

ભારતીય સંસ્કૃતિના મહત્વના કૌટુબિંક આધાર સ્તભોને જાળવતા આહીરોના લોકસાહિત્યના જેનું સંપુર્ણ આલેખન થયેલુ છે.સદીઓથી ચાલી આવતી પરંપરાઓ રીતરીવાજ તેમજ રહણીકહેણીમાં આહીરોના સાહિત્યમાં આલેખન પામેલ છ.આહીરો યશોજવાળ પરંપરાને જાળવીને વિકાસ સાધતી આ જ્ઞાતિ યશોદાયી બની છે.

આહિરોના લોકસાહિત્યમાં તેમની જાતીય વિશેષતાઓ અને આદીમ પરંપરાઓ જોવા મળે છે.આહીરોના

લોકસાહિત્યના નર્માણના મુળમાં સત્યમશિવમ –સુદરમની આરાધના થતી રહે છે સધર્ષનો ઉલ્લાસ જીવનની વિષમતાની વેદના સમાજની ઉત્પીન્ડન જ્ઞાતિનું ઉપદેશ માનવીના હાસ્ય રૂદન દુઃખ દર્દ અને કરૂણાના આસુ તેના સાહિત્યમાં તેમા પ્રગટ થાય છે આહિરોના લોકગીતો ગીતકથાઓ અને લોકકથાઓમા ચરીત્ર ચિત્રણનું સાહિત્ય નિમાર્ણમાં થયેલુ છે તેમા અર્થાતતા અને સ્વાભાવિકતાતો છે જ સાથો સાથ આદર્શનીય પ્રતિષ્ઠા પણ છે પ્રીય માટ પણ પ્રાણ ત્યાગ પર દુઃખ ભંજ કરતા સાહિત્ય સ્વામીભકિત ઉપરકાર ભાવના જે વાગણો થી યુકત માતૃકુળ મર્યાદા વાત્સલ્ય ત્યાગને સેવાના આદર્શવાળા સ્ત્રીપાત્રો ભર્યા પડયા છે.લોકકથાઓમાં સ્ત્રીઓ ઉત્કષ્ટ રીતે આદર્શ બની આપણી સન્મખ ઉભા રહે છે.સતનો વિજય ને અસતનો પરાજય દર્શાવતો લોકકથાકાર તથ્ય છ.

આહીરોના જીવનમાં મુખ્યત્વે ખેતી આધારીત હોવાથી કુદરતના તત્ત્વો ઉપર આધાર તેમજ કુદરત સાથે સારો એવો સ્નેહ હોવાથી આ તત્ત્વો સાથે આત્મીયતા છે કુદરતના તત્ત્વોની આ જ્ઞાતિ ઉપરકારક માનતો હોવાથી તેમના સાહિત્યમા ઝલક જોવા મળે છે.

સોરઠના આહીરોના લોકસાહિત્યમા શુરવીરોની કથાઓ કે જનુ મહત્વ તેમા આલેખાયલ છે.એવા શૂરવીરો કે જેના મસ્તક ધડ ઉપરથી પડી ગયા હોવા છતા પણ ખવીસ(માથા વગરનું શરીર)બની ને લડતા રહયા ગઝનવી જેવા લડવૈયા લુટારા નો સામનો પણ મર્દાનગી થી કરે છે.

આહીરોનુ લોકસાહિત્ય અનુપમ અમુલ્ય આહીરોની લોકસંસ્કૃતિનુ તેમા જેવુ સાચુ સ્વાભાવિક અને સર્જીવ ચિત્ર મળે છે અન્યત્ર મળવુ દુષ્કર છે.તેમના સમયમાં તેનુ ધાર્મિક માન્યતાઓ રીત રીવાજ રહેણી કેણી ખાન પાન પહેરવેશ આચાર વિચાર તેમજ લોકસંસ્કૃતિના વિવિધ અંગો સુરક્ષીત છે.તેમના સાહિત્યમાં યથાર્થવાદ આદર્શવાદનો સુંદર સમન્વય થયો છે.જેથી તે સાશ્વતની સીમામાં પ્રવેશી અને મહત્વ પ્રાપ્ત કરે છે.

આહીરોના લોકસાહિત્ય તેમની ધરતીનું તેમની આશાઓનું ગાન છે. તે લોકની સંપતી હોવાથી તેમા સ્વાભાવિકતા અકૃત્રિમતા અને સરળતા છે. તેમના લોકસાહિત્યમાંથી તેમના લોકજીવનનું સાચુ સોદર્ય પ્રગટે છે. તેમાથી લોકોના ઉલ્લાસ અને આસુ બન્ને પ્રગટ થાય છે તેમા સહજતા ઋજુતા અને એક અનોખી ભવ્યતા તેમનો લોકવૈભવ પ્રતિકો રૂપે પ્રગટ થાયછે શુરવીરતાને સમર્પણની ભાવનાને પ્રગટાવવા અનેક પ્રતિકો યોજાયા છે.

આહીરનુ સાહિત્ય ભુતકાળના ભવ્ય વારસાને વર્તમાનકાળ સામે મુકે છે જેમાથી લોક સમાજ સતત પોષણ પામતો રહે છે જેમા ગ્રામજીવનની ખાનદાની રખાવતને પ્રેમના ધળકારા છે તે સમાજજીવનની અવિસ્મણીય ઝાંખી કરાવે છે અજબ તાકાત અને ભવ્ય કલ્પના છે. તેની કલ્પના તેના લોકસાહિત્યમાં કેન્દ્ર સ્થાને લોકસાહિત્યની ભાવના રહેલી છે.

ભારતના વેદકાળમાં ઘડાયેલા લોકસાહિત્યના તેના સ્વરૂપની પરંપરા ચાલી આવ છે. ઋગવેદ રામાયણ, મહાભારત અને સંસ્કૃત કવિઓએ લોકસાહિત્યમાંથી પ્રેરણા લઈ લોકોના જીવનમાં કથા આલેખાઈ છે.